AHMEDABAD city ગુજરાત સમાચાર plus

કાકુરો

596 ૦૭ ડિસેમ્બર ૨૦૧૭



નિયમો : 7 x 7=49 ખાનાની આ સરવાળાની રમત છે. ત્રાંસી લીટીવાળા સફેદ રંગની ઉપરના ભાગમાં લખેલ અંક આડી હરોળ ગણાશે જ્યારે નીચેના ભાગમાં લખેલ અંક ઊભી હરોળ ગણાશે. રમતમાં માત્ર ૧ થી ૯ સુધીના અંકોનો જ ઉપયોગ કરવાનો છે. આડી કે ઊભી હરોળમાં કોઈપણ અંક પુનરાવર્તિત થવો જોઈએ નહીં. રમત પૂરી કરવા માટે આપ એ માત્ર સફેદ ખાનામાં અંક મૂકવાનો રહેશે.

-ભાવના શુક્લ



ગુજરાત સમાચાર સુડોકુ

ક્રમ નં. ૩૧૨૫
૭ ડિસેમ્બર, ૨૦૧૭

					૭			
		૫	૮	૯				૪
		૭			૩	૯	૫	૨
							૯	૬
	૬	૯		૮		૪	૨	
૭	૧							
૮	૭	૧	૯			૩		
૯				૫	૧	૭		
			૭					

સુડોકુના નિયમો

(૧) ૧ થી ૯ સુધીના જ અંકનો ઉપયોગ કરવો.
(૨) દરેક ખાનામાં એક જ અંકનો ઉપયોગ કરવો.
(૩) આડી અને ઊભી હરોળમાં અંકનો ઉપયોગ માત્ર એક જ વાર કરવો.
(૪) ૩ X ૩ = ૯ ખાનામાં ૧ થી ૯ અંકનો ઉપયોગ કરવો અને દરેક અંકનો માત્ર એક જ વાર ઉપયોગ કરવો.
(કર્તા : યોગેશ શુક્લ)

[illegible]

એરાઉન્ડ ધ વર્ડ્સ



આડી ચાવી

૧. ઊંધું કરી જવું તે (૩)
૩. દિવસ (૨)
૫. હીરાની ---ઝવેરી જ કરી જાણે (૩)
૮. પહેલવહેલી, પ્રથમ (૫)
૧૧. લાડી, ---ને ગાડી ભેગું જ જોઈએ (૨)
૧૩. હલાવવાની ક્રિયા (૩)
૧૪. હિન્દ, ભારતી (૩)
૧૭. ગળું, ગરદન (૨)
૧૮. મોંમાંઆમાં ભર્યે ---ફૂલ થાય (૨)
૧૯. કામને માટે- અંગે (૪)
૨૩. મુલક, પરગણું (૪)
૨૫. જીદ, હઠ (૨)
૨૭. તેરમાના દિવસે અપાતું પાણીનું દાન (૨)
૨૮. ઘઉંનો દુકાનદાર (૩)
૨૯. ખરચ, ઉપરેલી રકમ (૩)
૩૨. હાથી મર્યો પછી ---લાખનો (૨)
૩૪. નકામું, આતશ કરવું (૩)
૩૮. નવું પાકેલું અનાજ (૩)
૩૯. ચહેરાની વયની રેખા (૨)
૪૦. માજૂને માથે ઉપાડેલું ઘરેણું પાત્ર (૩)

ઊભી ચાવી

૧. પાપડની કણકનો લૂઓ (૨)
૨. ઠેકાણેથી થતો અવાજ (૨)
૩. ---ધર્મનું મૂળ છે (૨)
૪. નવલું, આશ્ચર્યકારક (૩)
૬. યોગ્ય, ઉચિત (૨)
૭. એક જાતની સાકર (૫)
૯. ખાલી, શૂન્ય (૨)
૧૦. સાધુઓને રહેવાનું સ્થાન (૪)
૧૨. નાનો ગોરખો (૩)
૧૫. પત્રકારોનું હથિયાર (૩)
૧૬. અંજામ, પરિણામ (૩)
૨૦. સગપણ અંગે અપાતું દાન (૩)
૨૧. પ્રેમી (૩)
૨૨. ઈસુના જન્મથી ગણાતો સંવત (૫)
૨૪. શરીર, ખોળિયું (૪)
૨૬. મોરનાં પીંછાંનો સમૂહ (૩)
૩૦. કેળ (૩)
૩૧. પત્થરથી મારવું તે (૨)
૩૩. [illegible] (૨)
૩૫. એક મારવાડી વાની, દાલ---(૨)
૩૬. ટેવ, વ્યસન (૨)
૩૭. [illegible] (૨)

[illegible]

ગુજરાત સમાચાર

પ્રસંગ, ઉમંગ અને અવસરથી ભરેલા શાળા કે કોલેજ કેમ્પસ, સોસાયટી કે મિત્ર વર્તુળો માટે આપની આસપાસ રચાતી સર્જનાત્મક વાતો, લાગણી સભર ઘટનાઓ અને રચનાત્મક પ્રવૃતિઓને ગુજરાત સમાચાર પ્લસ હંમેશાં આવકારે છે. આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓ વિશે અમને લખીને મોકલો. (સાથે સારા રિઝોલ્યુશનવાળા ફોટોગ્રાફ્સ પણ મોકલી શકો છો)

Email :gujaratsamacharplus@gmail.com

પત્ર વ્યવહાર દ્વારા માહિતી મોકલવાનું સ્થળ:
ગુજરાત સમાચાર પ્લસ વિભાગ, ગુજરાત સમાચાર,
ખાનપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧

સી. એન. ફાઇન આર્ટસ કોલેજમાં એટીડીમાં ફર્સ્ટ અને સેકન્ડ યરનાં સ્ટુડન્ટસ દ્વારા ક્રાફ્ટમાં બટરફ્લાયની શૈલી રજૂ કરાઇ. આ શૈલીને પ્રદર્શિત કરવા તેઓને એક અઠવાડિયાનો સમય લીધો હતો. તેના અંતે તેમાં કાર્ડબોર્ડની મદદથી વિવિધ ભાતવાળા બટરફ્લાય તૈયાર કર્યા, જેમાં કલરનો ઉપયોગ કર્યા વગર માત્ર હાર્ડ કાર્ડબોર્ડ વડે અનેક ડિઝાઇનમાં બટરફ્લાય રજૂ કર્યા. જેમાં ૨ ફૂટથી લઇને ૪ ફૂટ સુધીના બટરફ્લાય બનાવવામાં આવ્યા હતા અને આ બટરફ્લાયને સ્ટુડન્ટસે તેમની આંતરિક સૂઝબૂઝ સાથે આ ક્રાફ્ટને એક નવો ઓપ આપ્યો હતો અને એક નવીન આર્ટ ડેવલોપ કરવા માટે આ બટરફ્લાય થીમ પર એક્ઝિબિશન રાખવામાં આવ્યું હતું.

ફોટો - સુરેશ મિસ્ત્રી

સહકર્મીઓના વ્યક્તિત્વની બીજી બાજુ જોવા મળી

IIT-Gnમાં પ્રથમ વખત આઉટ બાઉન્ડ સ્ટાફ ટ્રેનિંગ સેમિનાર યોજાયો

આઇઆઇટીના સ્ટાફ ડેવલપમેન્ટ સેલ તરફથી ૨જી ડિસેમ્બરે હિંમતનગર પાસે આવેલા પાર્વતી હિલ્સ જંગલ ખાતે બાય લીપ્સ એન્ડ બાઉન્ડ્સ નામના સ્ટાફ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આઇઆઇટીના વિવિધ ડિપાર્ટમેન્ટના આશરે ૫૦ જેટલા સ્ટાફ મેમ્બર્સે ભાગ લીધો હતો. આઇઆઇટીના કેમ્પસથી આશરે ૭૦ કિમીની દૂર યોજાયેલા આ કાર્યક્રમે પાર્ટિસિપન્ટ્સને રોજિંદા ઓફિસ રૂટિનમાંથી બ્રેક આપીને પ્રકૃત્તિના સાનિધ્યમાં એકબીજા સાથે ઈન્ટરેક્ટ કરવાની અનોખી તક આપી હતી. આ કાર્યક્રમમાં ટ્રેકિંગ, ઓબ્સ્ટેકલ કોર્સ, સ્પોર્ટ્સ એન્ડ ફન ગેમ્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આઇઆઇટીના રજિસ્ટ્રાર પી.કે. ચોપરાએ કહ્યું કે આ પ્રકારે પ્રથમ વખત અમે અમારા સ્ટાફ માટે આઉટબાઉન્ડ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. અમે ઘણાં દિવસોથી આવી ઈવેન્ટ આયોજન કરવા અંગે વિચારી રહ્યા હતા. સાથે કામ કરતા સહકર્મીઓના વ્યક્તિત્વની અધર સાઈડ અમને આ કાર્યક્રમમાં જોવા મળી હતી.

CITY NEWS

આઈકેર હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન શિબિરનું આયોજન

મહેસાણા જિલ્લાના કાસવા ગામ ખાતે આવેલા ગોગા મહારાજના મંદિરે અમદાવાદની આઇકેર હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.ડો. શશાંક રાઠોડની ટીમે આ શિબિરમાં ૯૦૦ આંખની દર્દીઓને તપાસ્યા હતા. આ ઉપરાંત ૧૫૦ દર્દીઓને મોતીયાના ઓપરેશન કરવાનું નક્કી કર્યુ હતું. જે અન્વયે આઇ કેર હોસ્પિટલમાં આ દર્દીઓના ઓપરેશન કર્યા બાદ નેત્રમણી મૂકવામાં આવનાર છે.

ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન થયું

વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત સી.સી.શેઠ કોલેજ ઓફ કોમર્સ દ્વારા ગ્રુપ ઓફ કોલેજીસના પ્રાધ્યાપકો માટે બે તબક્કામાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરાયું હતું. જે અન્વયે ૨૧ અને ૨૨ નવેમ્બરના રોજ શ્રી નારાયણ કોલેજ ઓફ કોમર્સમાં પગારદાર વ્યક્તિના ટેક્સ, નાણાકીય અને રોકાણ આયોજન પર વકતવ્ય યોજાયું હતું જ્યારે ૨૪ નવેમ્બરના રોજ ગ્રાહકોના સંદર્ભમાં જીએસટી વિષય પર તજજ્ઞ દ્વારા વકતવ્ય અપાયું હતું.

મોહનલાલ એસ મીઠાઈવાલાના નવા શોરૂમનું મણિનગર ખાતે ઉદઘાટન

આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત મુંબઇના નામાંકિત મોહનલાલ એસ મીઠાઇવાલા દ્વારા ૬ ડિસેમ્બરે કંપનીના વિસ્તરણના ભાગરૂપે મણિનગરમાં મહાલક્ષ્મી કોર્નર, સરદાર પટેલ હોસ્પિટલ સામે, રામબાગ ખાતે નવા અદ્યતન શોરૂમનો ભવ્ય શુભારંભ કરાયો હતો.

શ્રી નારાયણા કલ્ચરલ મિશન દ્વારા અય્યાપ્પા પૂજા અને ભજન પ્રોગ્રામ

દર વર્ષે યોજાતા કાર્યક્રમના ભાગરૂપે શ્રી નારાયણા કલ્ચરલ મિશન દ્વારા અય્યાપ્પા પૂજા અને અય્યાપ્પા ભજન પ્રોગ્રામનું આયોજન ગત શનિવારના રોજ કરાયું હતું. આ કાર્યક્રમમાં એક હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો.

City Sports

ખેલ મહાકુંભ સ્ટેટ લેવલે કરાટેમાં મેડલ વિજેતા

ગોધરા ખાતે યોજાયેલી ખેલ મહાકુંભ સ્ટેટ લેવલની કરાટેની સ્પર્ધામાં અમદાવાદના આયુષ્યમાન રઘુએ અંડર-૧૪ કેટેગરીમાં ૬૦ કિગ્રાથી વધુના વજન વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આયુષ્યમાન આનંદનિકેતન સેટેલાઈટ સ્કૂલમાં અભ્યાસ કરે છે. અંડર-૧૭માં ૭૦ કિગ્રાથી વધુના વજન વર્ગમાં અમદાવાદની અમૃતા વિદ્યાલયના શ્રેય આહજોલીયાએ તેમજ ઓપન એજ બોઇઝ કેટેગરીમાં ૭૦ કિગ્રાથી નીચેના વજન વર્ગમાં સોલારીસ સ્કૂલના કુશલ શાહે ગોલ્ડ મેડલ જીત્યા હતા. જ્યારે અંડર-૧૭ ગર્લ્સ કેટેગરીમાં - ૫૨ કિગ્રા વજન વર્ગમાં એશિયા સ્કૂલની મુક્તા ડોડીયાએ સિલ્વર મેડલ જીત્યો હતો. અંડર-૧૭ બોઇઝમાં -૫૪ કિગ્રા વજન વર્ગમાં સંત કબીર સ્કૂલ ડ્રાઈવ-ઈનના રિષભ આર્યાએ તેમજ અંડર-૧૭ ગર્લ્સ -૪૮ કિગ્રા વજન વર્ગમાં સેંટ. ઝેવિયર્સ લોયોલાની હેલી પટેલે, -૫૨ કિગ્રા વજન વર્ગમાં એચબી કાપડિયા સ્કૂલ મેમનગરની ખુશી બેલાણીએ અને ઓપન કેટેગરી ગર્લ્સમાં -૫૨ કિગ્રા વજન વર્ગમાં વૈશ્વી ભાવસારે બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. આ ખેલાડીઓ કોચ તરીકે હૃદય ભટ્ટ અને દેવલ ભટ્ટ હતા.

લોયોલા ફૂટબોલ - એકલવ્ય સ્કૂલ અને ડીપીએસ બોપલ ચેમ્પિયન

સેંટ. ઝેવિયર્સ લોયોલા હોલ ખાતે યોજાયેલી અંડર-૧૪ પ્રાઈમરી ફૂટબોલ ટુર્નામેન્ટમાં એકલવ્ય સ્કૂલ અને અંડર-૧૮ બ્રધર બોઉ ફૂટબોલ ટુર્નામેન્ટ ડીપીએસ બોપલ ચેમ્પિયન બની હતી. પ્રાઈમરી ફૂટબોલ ટુર્નામેન્ટની ફાઈનલમાં એકલવ્ય સ્કૂલે ૨-૧થી આનંદનિકેતન સ્કૂલ શીલજને પરાજય આપ્યો હતો. એકલવ્ય તરફથી અર્નવ અગ્રવાલ અને યશરાજ ઝાલાએ ગોલ ફટકાર્યા હતા. જ્યારે આનંદનિકેતન તરફથી પરમ પ્રજાપતિએ ગોલ નોંધાવ્યો હતો. પરમને બેસ્ટ પ્લેયરનો અને યશરાજને મેન ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. બ્રધર બોઉ ફૂટબોલ ટુર્નામેન્ટની ફાઇનલમાં ડીપીએસ બોપલે ૨-૦થી સેંટ. ઝેવિયર્સ ગાંધીનગરને પરાજય આપ્યો હતો. ડીપીએસ તરફથી નૈતિક પટેલ અને દેવ મિત્તલે ગોલ ફટકાર્યા હતા. ગાંધીનગરના હર્ષ પરમારને બેસ્ટ પ્લેયરનો અને ડીપીએસના શ્રીવર્ધન દુબેને મેન ઓફ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

નેશનલ લેવલે વૂશુમાં સિલ્વર મેડલ

ment of India
th Affa

મધ્યપ્રદેશના ઉજ્જૈન ખાતે યોજાયેલી નેશનલ લેવલની માર્શલ આર્ટ ગેમ્સમાં ગુજરાતના અમનદીપ સિંઘ ગોત્રાએ ૬૫ કિગ્રાથી ઓછા વજન વર્ગમાં વુશુ સાન્દા ઈવેન્ટમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. ફાઈનલમાં અમનદીપને આર્મીના હવાલદાર અમીત પાલ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. રક્ષા શક્તિ પોલીસ યુનિવર્સિટીના વિદ્યાર્થી અમનદીપ હાલ વુશુ કોચ બદ્રીનાથ પાંડે પાસે તાલીમ મેળવી રહ્યા છે.

'વિઆજે-૨૦૧૭'નું સેલિબ્રેશન

ગાંધીનગર સ્થિત એક યુનિવર્સિટીના ચાર દિવસીય વાર્ષિકોત્સવ 'વિઆજે-૨૦૧૭'ની ગ્રાન્ડ ફિનાલેમાં ડાન્સ, સ્ટેન્ડ અપ કોમેડી, ગાયન, ફેશન શૉ, ઈનામ વિતરણ જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા, જેમાં કોલેજના બેન્ડે આપેલા પરફોર્મન્સમાં સ્ટુડન્ટસના દિલ જીતી લીધા હતા.